Thursday
05.01.2023
*Volume :7 * Issue No.156
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વિશ્વાસથી વિકાસ યાત્રા

વંદે માતરમ્

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNINo.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor:Arjun Sondarva *Office: A-3, Plot No. R-13, TanishqComplex,New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs.90/-

# કેબિનેટે નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશનને મંજૂરી

### આ મિશન ભારતને ઉર્જાથી સ્વતંત્ર બનવામાં અને અર્થતંત્રના મુખ્ય ક્ષેત્રોના ડીકાર્બોનાઇઝેશનમાં મદદ કરશે


### મિશનનો ઉદ્દેશ્ય ગ્રીન હાઇડ્રોજન અને તેના ડેરિવેટિવ્ઝના ઉત્પાદન, ઉપયોગ અને નિકાસ માટે ભારતને વૈશ્વિક હબ બનાવવાનો

કમલમ્ ન્યુઝ,

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનીઅધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનને મંજૂરી આપી છે. મિશન માટે પ્રારંભિક ખર્ચ રૂ. ૧૯,૭૪૪ કરોડ હશે, જેમાં SIGHT પ્રોગ્રામ માટે રૂ. ૧૭,૪૯૦ કરોડ, પાયલોટ પ્રોજેક્ટ માટે રૂ. ૧,૪૬૬ કરોડ, આર એન્ડ ડી માટે રૂ. ૪૦૦ કરોડ અને અન્ય મિશન ઘટકો માટે રૂ. ૩૮૮ કરોડ સામેલ હશે. MNRE સંબંધિત ઘટકોના અમલીકરણ માટે યોજના માર્ગદર્શિકા ઘડશે. આ મિશન ૨૦૩૦ સુધીમાં નીચેના સંભવિત પરિણામોમાં પરિણમશેઃ દેશમાં લગભગ ૧૨૫ ગીગાવોટના રિન્યુએબલ એનર્જી ક્ષમતા વધારા સાથે વાર્ષિક ઓછામાં ઓછા 5 MMT (મિલિયન મેટ્રિક ટન)ની ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતાનો વિકાસ

- કુલ રોકાણમાં રૂ. આઠ લાખ કરોડ
- છ લાખથી વધુ નોકરીઓનું સર્જન
- અશ્મિભૂતઈંધણની આયાતમાં સંચિત ઘટાડો રૂ. એક લાખ કરોડ
- વાર્ષિક ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં લગભગ 50 MMT ઘટાડો

મિશનને વ્યાપક લાભો હશે - ગ્રીન હાઈડ્રોજન અને તેના ડેરિવેટિવ્ઝ માટે નિકાસની તકોનું સર્જન; ઔદ્યોગિક, ગતિશીલતા અને ઊર્જા ક્ષેત્રોનું ડીકાર્બોનાઈઝેશન આયાતી અશ્મિભૂત ઈંધણ અને ફીડસ્ટોક પર નિર્ભરતામાં ઘટાડો; સ્વદેશી ઉત્પાદન ક્ષમતાઓનો વિકાસ; રોજગારીની તકોનું સર્જન; અને અત્યાધુનિક ટેકનોલોજીનો વિકાસ. ભારતની ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ઓછામાં ઓછા 5 MMT સુધીપહોંચે તેવી શક્યતા છે, જેમાં લગભગ ૧૨૫ ૨ઉની રિન્યુએબલ એનર્જી ક્ષમતા ઉમેરાશે. ૨૦૩૦ સુધીમાં લક્ષ્યાંકો રૂ. ૮ લાખ કરોડનું રોકાણથી વધુ લાવવાની સંભાવના છે અને ૬ લાખથીવધુ નોકરીઓનું સર્જન થશે. ૨૦૩૦ સુધીમાં લગભગ ૫૦ MMT પ્રતિવર્ષ $CO_2$ ઉત્સર્જન ટાળવાની અપેક્ષા છે. આ મિશન ગ્રીન હાઈડ્રોજનની માંગ નિર્માણ, ઉત્પાદન, ઉપયોગ અને નિકાસને સરળ બનાવશે. ગ્રીન હાઈડ્રોજન ટ્રાન્ઝિશન પ્રોગ્રામ (સાઈટ) માટે વ્યૂહાત્મક હસ્તક્ષેપ હેઠળ, મિશન હેઠળ ઈલેક્ટ્રોલાઈઝરના સ્થાનિક ઉત્પાદન અને ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનને લક્ષ્યાંકિત કરતી બે અલગ-અલગનાણાકીય પ્રોત્સાહન પદ્ધતિઓ પ્રદાન કરવામાં આવશે. આ મિશન ઉભરતા અંતિમ-ઉપયોગ ક્ષેત્રો અને ઉત્પાદન માર્ગોમાં પાયલોટ પ્રોજેક્ટ્સને પણ સમર્થન આપશે. હાઈડ્રોજનના મોટા પાયે ઉત્પાદન અને/અથવા




ઉપયોગને ટેકો આપવા સક્ષમ પ્રદેશોને ગ્રીન હાઈડ્રોજન હબ તરીકે ઓળખવામાં આવશે અને વિકસાવવામાં આવશે. ગ્રીન હાઈડ્રોજન ઈકોસિસ્ટમની સ્થાપનાને સમર્થન આપવા માટે સક્ષમ નીતિ માળખું વિકસાવવામાં આવશે. એક મજબૂત ધોરણો અને નિયમોનું માળખું પણ વિકસાવવામાં આવશે. વધુમાં, મિશન હેઠળ આર એન્ડ ડી (સ્ટ્રેટેજિક હાઈડ્રોજન ઈનોવેશન પાર્ટનરશિપ – શિપ) માટે જાહેર-ખાનગી ભાગીદારી માળખું સુવિધા આપવામાં આવશે; વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ટેકનોલોજી વિકસાવવા ઈશ્ઙ પ્રોજેક્ટ્સ ધ્યેય-લક્ષી, સમયબદ્ધ અને યોગ્ય રીતે માપવામાં આવશે. મિશન હેઠળ સંકલિત કૌશલ્ય વિકાસ કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવશે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના તમામ સંબંધિત મંત્રાલયો, વિભાગો, એજન્સીઓ અને સંસ્થાઓ મિશનના ઉદ્દેશ્યોની સફળ સિદ્ધિ સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રિત અને સંકલિત પગલાં લેશે. મિશનના સમગ્ર સંકલન અને અમલીકરણ માટે નવીઅને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય જવાબદાર રહેશે.

# જૈનાચાર્ય વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાથે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની સૌજન્ય મુલાકાત

### પરમ જીવરક્ષા માટે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ મહત્વનો સ્ત્રોત : આચાર્ય શ્રી દેવવ્રતજી

કમલમ્ ન્યુઝ,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદમાં જૈનાચાર્ય વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. પરમજીવ રક્ષા માટે પ્રાકૃતિક ખેતી મહત્વનો સ્ત્રોત છે, તેનાથી ન માત્ર જીવરક્ષા; પરંતુ જીવસંવર્ધન પણ સંભવ છે. પ્રાકૃતિક ખેતી માટે ગાય અનિવાર્ય છે એટલે પાંજરાપોળને બદલે કિસાનોના ઘરમાં જ ગાયોનું બહેતર પાલન થશે. પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા તેમણે જૈનાચાર્ય વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજના આશીર્વાદ પ્રાર્થ્યા હતા. જૈનાચાર્ય વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે, "હું આવા રાજનેતાને પહેલીવાર મળીરહ્યો છું, જે આટલા ઉચ્ચ હોદ્દા પર રહીને પણ આદર્શ જીવનમૂલ્યોનું પાલન કરતાં કરતાં સમાજ ઉપયોગી કાર્યોમાં પ્રવૃત્ત છે. વિષયના અભ્યાસુ છે અને પોતાના સિદ્ધાંતો સાથે કોઈ જ બાંધછોડ નથી કરતા. હું કોઈ રાજનેતાના મુખેથી આવી વાતો પહેલીવાર સાંભળું છું." પ્રાકૃતિક કૃષિ ઉપરાંત સ્વચ્છતા અભિયાન, જળ સંરક્ષણ, યોગ શિક્ષણ અને ગૌમાતા સંરક્ષણ માટે





### હું કોઈ રાજનેતાના મુખેથી આવી વાતો પહેલીવાર સાંભળું છું : જૈનાચાર્ય વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

સામાજિક ચેતના પ્રગટાવવા સતત પ્રયત્નશીલ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને જનઆંદોલનમાં બદલવા માંગે છે, જેનાથી ખેડૂતોની આવક બમણીથશે અનેપર્યાવરણનું રક્ષણ પણ થશે. ગુજરાતમાં અઢી લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી છે. વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવે એ માટે રાજ્ય સરકાર પણ સતત પ્રયત્નશીલ છે. ગુજરાતમાં પોણા બે લાખ કિસાનોને તેમની દેશી ગાયના પાલન માટે ગુજરાત સરકાર પ્રતિમાસ ?૯૦૦ ની આર્થિક સહાય આપે છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવાથી આપણી ગાયોને પાંજરાપોળમાં નહીં લઈ જવી પડે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએકહ્યું હતુંકે, રાસાયણિક ખાતરોના ઉપયોગથી જમીનમાં રહેલા એવા સૂક્ષ્મ જીવાણુઓ મરી જાય છે જે જમીનની ફળદ્રુપતા વધારવામાં ઘણા ઉપયોગી થાય છે. રાસાયણિક ખાતરના વધારે પડતા ઉપયોગથી ભૂમિનું ઓર્ગેનિક કાર્બન ઓછું થાય છે. ભારત સરકારે પ્રતિ વર્ષ ? ૨.૫ લાખ કરોડના રાસાયણિક ખાતરો વિદેશથી આયાત કરવા પડે છે. એટલું જ નહીં, પેસ્ટીસાઈડ્સના વધારે પડતા ઉપયોગથી મનુષ્યમાં રોગોનું પ્રમાણ પણ વધ્યું છે. આ બધી સમસ્યાઓનો હલ પ્રાકૃતિક ખેતીમાં છે. પ્રાકૃતિક ખેતી માટે દેશી ગાયનું ગોબર અને ગૌમુત્ર અનિવાર્ય હોવાથી ગૌમાતાનું રક્ષણ થશે, પર્યાવરણ, પાણી, અને ખેડૂત પણ બચશે. તેમણે કહ્યું કે, જૈન સમાજ પ્રાણી માત્ર પ્રત્યે દયાભાવ રાખે છે અને પ્રાકૃતિક ખેતી જેવી દયાભાવના બીજી કોઈ નહીં. તેમણે એમ પણ કહ્યું કે, જૈન સમાજ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનો જ ઉપયોગ કરવાની પહેલ કરે તો પ્રાકૃતિક કૃષિને વિશેષ પ્રોત્સાહન મળશે. પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોની વધુ માંગ ઉભી થશે તો વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરવા માટે પ્રોત્સાહિત થશે.

# MVUને એક સમાન હેલ્પલાઇન નંબર ૧૯૬૨ સાથે કેન્દ્રિયકૃત કોલ સેન્ટર દ્વારા સંચાલિત કરવામાં આવશે

### કેન્દ્રીય FAHD મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલા આવતીકાલે તિરુવનંતપુરમમાં ૨૯ મોબાઈલ વેટરનરી યુનિટ અને કેન્દ્રીયકૃત કોલ સેન્ટરનું ઉદ્ઘાટન કરશે

કમલમ્ ન્યુઝ,

શ્રી પરશોત્તમ રૂપાલા, કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી, કેરળના પશુપાલકોના લાભ માટે એક નોંધપાત્ર કાર્યમાં આવતીકાલે એટલે કે ૫મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ તિરુવનંતપુરમમાં ૨૯ મોબાઈલ વેટરનરી યુનિટ અને કેન્દ્રીયકૃત કોલ સેન્ટરનું ઉદ્ઘાટન કરશે. આ સ્ફેંજ એક સમાનહેલ્પલાઈન નંબર ૧૯૬૨ સાથે કેન્દ્રીયકૃત કોલ સેન્ટર દ્વારા સંચાલિત કરવામાં આવશે. તે પશુધન પાળનારાઓ / પશુ માલિકો તરફથી કૉલ્સ પ્રાપ્ત કરશે અને પશુચિકિત્સક કટોકટીની પ્રકૃતિના આધારે તમામ કેસોને પ્રાથમિકતા આપશે અને ખેડૂતના દરવાજે હાજરી આપવા માટે તેમને નજીકના સ્ફેં પર ટ્રાન્સમિટ કરશે. સ્ફેંજ દૂર દૂરના વિસ્તારમાં ખેડૂતો/ પશુ માલિકોને તેમના ઘરઆંગણે નિદાન સારવાર, રસીકરણ, કૃત્રિમ ગર્ભાધાન, નાનીસર્જિકલ હસ્તક્ષેપ, ઓડિયો-વિઝ્યુઅલ સહાય અને વિસ્તરણ સેવાઓ પ્રદાન કરશે. સ્ફેંજ પશુચિકિત્સા સમસ્યાઓના ઉકેલ માટે અને દેશના દૂરના વિસ્તારોમાં માહિતીના પ્રસાર માટે વન-સ્ટોપ સેન્ટર તરીકે કાર્ય કરશે.



# પ્રમુખસ્વામી મહારાજનગર ખાતે 'યુવાદિન'ની ભવ્ય ઉજવણી

### કેન્દ્રીય મંત્રીશ્રીઓ સહિત તમામ મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજ નગરની મુલાકત લઈ બાપાને અર્પી ભાવાંજલી


- અત્યારસુધીની સરકારો જે ન કરી શકી એ વ્યસનમુક્તિનું વિરાટ કાર્ય પ્રમુખસ્વામીએ કર્યું - શ્રી અનુરાગ ઠાકુર
- યુક્રેનમાંથી હજારો ભારતીય વિદ્યાર્થીઓને હેમખેમ પરત લાવવામાં Bapsનો મજબૂત ટેકો- શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત
- વિજ્ઞાન-સંચાલન અને સ્થાપત્યનો અદભુત સમન્વય એટલે પ્રમુખસ્વામી સ્વામી નગર - શ્રી શંકર ચૌધરી


કમલમ્ ન્યુઝ,


પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં 'યુવાદિન'ની ઉજવણીમાં સંબોધન કરતા કેન્દ્રીય મંત્રીશ્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ એવા સંત-શાસ્ત્ર-મંદિર નિર્માણનું વિરાટ કાર્ય જોઈને પ્રમુખસ્વામી સ્વામી મહારાજ સમક્ષ નતમસ્તક છું. તેમણે કહ્યું કે, અત્યારસુધીની સરકારો જે ન કરી શકી એ વ્યસનમુક્તિનું વિરાટ કાર્ય પ્રમુખસ્વામીએ કરી બતાવ્યું. આ ઉપરાંત અહીં ૧૦ લાખ છોડનું વાવેતર અને પ્રમુખસ્વામી નગરની સ્વચ્છતા થકી 'સ્વચ્છ ભારત' અને 'ગ્રીન એન્ડ કલીન ઈન્ડિયા'નો સંદેશ પણ અહીં આવતા લાખો મુલાકાતીઓને મળી રહ્યો છે. એમ તેમણે ઉમેર્યું હતું શ્રીઅનુરાગ ઠાકુરે કહ્યું કે, અહીં નાના બાળકો, યુવાનો અને વડીલો સમર્પણભાવથી સેવા કરીરહ્યા છે તે કલ્પનાતીતછે. તેમણે લોકોને અનુરોધ કરતા કહ્યું કે, દુનિયાભરમાં કદાચ ફરવાનો મોકો ન મળે તો ૬૦૦ એકરમાં ફેલાયેલા પ્રમુખસ્વામી મહારાજ નગરની મુલાકત અવશ્ય લેવી જોઈએ. દિલ્હીમાં મને મળવા આવનાર દરેક વ્યક્તિને કહું છું કે અક્ષરધામ દર્શન વિના દિલ્હીયાત્રા અધૂરી છે. એમ તેમણે ઉમેર્યું હતું.આ વેળાએ કેન્દ્રીય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે સંબોધન કરતા જણાવ્યું હતું કે, જયારે સંત દ્વારથી પ્રમુખસ્વામી મહારાજ નગરમાં પ્રવેશ્યો ત્યારે મનમાં ૩ જ શબ્દો હતા અદભુત, અકલ્પનિય, અવર્ણનીય. તેમણે ઉમેર્યું કે, પ્રમુખસ્વામી સ્વામી મહારાજે સદીઓ જૂની સંત પરંપરાને સુદીર્ઘ બનાવીછે. અધ્યાત્મનેવિજ્ઞાન સાથે જોડીને આપણી સંસ્કૃતિને પ્રમુખસ્વામીએ વિશ્વફલક પર પહોંચાડીછે. જેનોપરિચય રશિયા-યુક્રેન યુદ્ધ વખતે હજારો ભારતીય વિદ્યાર્થીઓને પરત લાવતી વખતે મળ્યો. બાળપણથી આજ સુધી અનેકવાર ગુજરાતમાં આવવાનો અવસર મળ્યો છે. અંતે તેમણે કહ્યું કે, આજે વધુ એકવાર ઉદ્યામિતા અને પુરુષાર્થની આ ભૂમિને નમન કરું છું.


યુવાદીનની ઉજવણીમાં સામેલ થતા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં આવી અનુપમ દિવ્યતા અને ભવ્યતાની અનુભૂતિ થઈ. અહીં માત્ર પૂજા-પાઠની વાત નથી. અહીંયા વિજ્ઞાન-સંચાલન અને સ્થાપત્યનો અદભુત સમન્વય છે. માત્ર પ્રમુખસ્વામી મહારાજ નગર જ નહીં બીએપીએસના તમામ મંદિરોમાં આ સમન્વય જોવા મળે છે. અબુધાબીમાં નિર્મિત મંદિરભૂમિની મુલાકાત વિશે જણાવતા તેમણે કહ્યું કે, વિદેશની ધરતી પર પ્રમુખસ્વામી મહારાજનોપ્રભાવ કેટલોઅજોડ છે તેની સાબિતી મળી. સાથોસાથ વર્ષો પહેલા સારંગપુરમાં થયેલા પ્રમુખસ્વામી સ્વામી મહારાજના દર્શન અને આશીર્વાદની પળોને













વાગોળી હતી. આજના દિવસે પ્રમુખસ્વામી મહારાજ નગર ખાતે યુવાદીનની ઉજવણીમાં સામેલ થતા પહેલા તમામ મહાનુભાવોએ પ્રમુખસ્વામી મહારાજને શ્રધાંજલિ અર્પણ કરી, વિવિધ રસપ્રદ પ્રદર્શોનો નિહાળ્યા હતા. આજના કાર્યક્રમમાં વિવિધ સામાજિક, શૈક્ષણિક અને ઉદ્યોગજગતની યુવાપ્રતિભાઓ ઉપસ્થિત રહી હતી.



